# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day: THURSDAY** **National News**

નમસ્કાર,આકાશવાણી,

OPENING SIGNATURE TUNE

સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

**મુખ્ય સમાચાર**

**(મ્યુઝિક અંડરપ્લે)**

1) **ગુજરાતની કડી બેઠક પર સવારે 11 વાગ્યા સુધીમાં સરેરાશ 24 અને વિસાવદર બેઠક પર સરેરાશ 28 ટકા મતદાન.**

2) **અમદાવાદ વિમાન દુર્ઘટનાના 211 મૃતકોના DNA નમૂના મૅચ થયા. 189 પાર્થિવ શરીર મૃતકોના સ્વજનોને સોંપાયા.**

3) **ઈરાનથી ભારતીય નાગરિકોને લઈને વધુ એક ઉડાન આજે ભારત પહોંચે તેવી શક્યતા.**

4) **રશિયાના રાષ્ટ્રપ્રમુખે ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે સંઘર્ષ સમાપ્ત કરવા મધ્યસ્થી કરવાનો પ્રસ્તાવ મૂક્યો.**

5) **QS વર્લ્ડ યુનિવર્સિટી રૅન્કિંગમાં IIT દિલ્હી સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે.**

.....................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# GUJARAT BYE ELECTION

ગુજરાતમાં આજે મહેસાણાની કડી અને જુનાગઢની વિસાવદર સહિત ચાર રાજ્યની પાંચ વિધાનસભા બેઠકની પેટા-ચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે. સવારે 11 વાગ્યા સુધીમાં કડી બેઠક પર સરેરાશ 23.85 ટકા અને વિસાવદર બેઠક પર સરેરાશ 28.15 ટકા મતદાન થયું છે. કેરળની નિલાંબુર બેઠક પર 30 ટકાથી વધુ પંજાબની લુધિયાણા વિધાનસભા બેઠક પર 21 ટકાથી વધુ, પશ્ચિમ બંગાળની કાલિગંજ બેઠક પર 31 ટકા મતદાન થયું. આ પાંચેય બેઠક માટે સોમવારે મતગણતરી હાથ ધરાશે.પ્રસ્તુત છે અમારા પ્રતિનિધિનો અહેવાલ ..

## (વૉઈસકાસ્ટ- જયંતી ચૌધરી, પ્રતિનિધિ, મહેસાણા)

ઉલ્લેખનીય છે કે, કડી બેઠક પર પૂર્વ ધારાસભ્ય કરસન સોલંકીના અવસાન અને વિસાવદર બેઠક પરથી ભૂપત ભાયાણીના રાજીનામા બાદ આ બંને બેઠક ખાલી પડી હતી. કડી બેઠક માટે આઠ અને વિસાવદર બેઠક માટે 16 ઉમેદવાર મેદાનમાં છે.

. . . . . . . . . . . . . . .

# AMDAVAD DNA UPDATE

અમદાવાદ વિમાન દુર્ઘટનાના 211 મૃતકના DNA નમૂના મૅચ થયા છે. જ્યારે 189 પાર્થિવ શરીર મૃતકોના સ્વજનોને સોંપવામાં આવ્યા છે. ગાંધીનગર ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળા- FSLમાં DNA નમૂના મૅચ કરવાની કામગીરી દિવસરાત ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં 12 જૂને વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોના DNA નમૂના મૅચ કરવા તબીબો ઘણી મહેનત કરી રહ્યા છે. બીજી તરફ, આ ઘટનામાં જીવ ગુમાવનારા પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગીય વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ આપવા આજે ગાંધીનગરમાં પ્રાર્થના સભાનું આયોજન કરાયું.

. . . . . . . . . . . . . . . .

# GUJARAT BANGLADESHI

ગુજરાતમાં પોલીસ એક મોટી કાર્યવાહીમાં 200થી વધુ બાંગ્લાદેશીઓ પકડ્યા છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, રાજ્યમાં ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશીઓને સામેની ઝુંબેશમાં છેલ્લા 100 કલાકમાં આ કાર્યવાહી કરી છે. આ તમામ બાંગ્લાદેશીઓના દેશનિકાલ માટે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

. . . . . . . . . . . . . . . .

# IRAN EVACUATION MOS

કેન્દ્ર સરકાર ઈરાનથી ભારતીય નાગરિકોને સલામત રીતે પરત લાવવા શક્ય તમામ પ્રયાસ કરી રહી છે. ભારતીય હાઈ કમિશનના સભ્યોને લઈ વધુ એક ફ્લાઇટ આજે પહોંચવાની શક્યતા છે. અગાઉ, ઉત્તર ઈરાનથી લવાયેલા 110 ભારતીય વિદ્યાર્થીઓને નવી દિલ્હી સલામત પહોંચાડવામાં આવ્યા.

નવી દિલ્હીમાં માધ્યમો સાથે વાત કરતા વિદેશ રાજ્યમંત્રી કીર્તિવર્ધન સિંહે કહ્યું, ઈરાનથી 350થી વધુ ભારતીયોએ સ્થળાંતર માટે સરકારને વિનંતી કરી છે. તેમણે કહ્યું, ફસાયેલા ભારતીયોને પરત લાવવા આજે એક ઉડાન તુર્કમેનિસ્તાન પણ જઈ રહી છે. શ્રી સિંહે કહ્યું, સરકાર આ ઉડાનો માટે સલામત અને ખૂલ્લા હવાઈ ક્ષેત્રનો ઉપયોગ કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષના કારણે બગડતી સ્થિતિને જોતા ભારતે ઈરાનમાંથી પોતાના નાગરિકોને બહાર લાવવા “ઑપરેશન સિંધુ” શરૂ કર્યું છે.

. . . . . . . . . . . . . . .

# YOGA DAY

21 જૂને સમગ્ર વિશ્વમાં 11મા આંતર-રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાશે. આકાશવાણી સમાચાર આપના માટે પ્રાચીન ભારતીય પરંપરા મુજબ વૈશ્વિક આંદોલન સુધી યોગના વિકાસ પર એક વિશેષ શ્રેણી લઈને આવ્યું છે.

## (V/C – JAYA BHARATI)

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PUTIN ISRAEL IRAN CONFLICT

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે સંઘર્ષ સમાપ્ત કરવા મધ્યસ્થી કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. સેંન્ટ પીટર્સબર્ગ આંતર-રાષ્ટ્રીય આર્થિક મંચ પર ગોળમેજી સત્રમાં શ્રી પુતિને કહ્યું, રશિયા સમજૂતી પર વાતચીતમાં મદદ કરી શકે છે. તે અંતર્ગત ઈરાનની ઈઝરાયેલી સુરક્ષા ચિંતાઓને દૂર કરતા શાંતિપૂર્ણ પરમાણુ કાર્યક્રમને આગળ વધારવાની મંજૂરી મળી શકશે.

શ્રી પુતિને કહ્યું, તેમણે ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા સાથે રશિયાના પ્રસ્તાવને રજૂ કર્યો છે. તેમનો આ પ્રસ્તાવ ગયા સપ્તાહે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ સાથે ફૉન પર મધ્યસ્થીની વાત કર્યા બાદ આવ્યો છે.

. . . . . . . . . . . . . . . .

# REV DEF SECY ISRAEL DG

સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંઘે ઈઝરાયેલના સંરક્ષણ મહાનિદેશક મેજર જનરલ આમીર બરમ સાથે ટેલિફોન પર વાતચીત કરી. સંરક્ષણ મંત્રાલયે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું, આ વાતચીત ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધતા સંઘર્ષને લઈ કરવામાં આવી. બંને નેતાએ પશ્ચિમ એશિયામાં વર્તમાન સ્થિતિ પર ચર્ચા કરી.

ગયા શુક્રવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ સાથે પ્રાદેશિક સ્થિતિ અંગે વાતચીત કરી હતી. દરમિયાન શ્રી મોદીએ વર્તમાન સ્થિતિ પર ભારતની ચિંતા વ્યક્ત કરતા પશ્ચિમ એશિયામાં તાત્કાલિક શાંતિ અને સ્થિરતા જાળવવાની જરૂરિયાત પર ભાર આપ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# QS WORLD UNIVERSITY RANKING

ક્યૂ.એસ. વર્લ્ડ યુનિવર્સિટી રૅન્કિંગમાં 54 ભારતીય સંસ્થાઓને સ્થાન મળ્યું છે. આ રેન્કિંગમાં ભારતીય ટેક્નોલૉજી સંસ્થા- I.I.T. દિલ્હી દેશમાં ટોચના ક્રમે આવી છે. વિશ્વભરમાંથી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની રેન્કિંગની નવી આવૃત્તિમાં I.I.T. દિલ્હીનો ક્રમ 123મો છે. અગાઉ તે 150માં ક્રમે હતી. સંસ્થાએ અત્યાર સુધી સર્વોચ્ચ ક્યૂ.એસ. વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગમાં ટોચનો ક્રમ મેળવ્યો છે.

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું, વર્ષ 2014માં દેશની માત્ર 11 યુનિવરસિટીને રેન્કિંગમાં સ્થાન મળ્યું હતું, જે હવે પાંચ ગણી વધીને 54 થઈ છે.

. . . . . . . . . . . . . .

# HOCKEY MASTERS CUP

હોકી ઇન્ડિયા માસ્ટર્સ કપ 2025નું ગઈકાલે ચેન્નઈમાં ઉદ્ઘાટન થયું. મહિલા વર્ગમાં હોકી કર્ણાટકે કેરળ હોકીને સાત શૂન્યથી હરાવ્યું. હોકી હિમાચલ દ્વારા મેચ જતી કરતાં હોકી મહારાષ્ટ્રનો પાંચ શૂન્યથી વિજય થયો. જ્યારે પુરુષ વર્ગમાં હોકી પંજાબે લે પુડુચેરી હોકીને ત્રણ બેથી હરાવ્યું. જ્યારે તમિલનાડુની હોકી યુનિટે કેરળ હોકી સામે આઠ શૂન્યથી વિજય મેળવ્યો.

મહિલા વર્ગમાં ઓડિશા, હરિયાણા, હિમાચલ પ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર, પંજાબ, તમિલનાડુ અને કેરળ એમ આઠ ટીમ ખિતાબ માટે સ્પર્ધા કરી રહી છે. પુરુષ વર્ગમાં 11 ટીમ છે. આ ટૂર્નામેન્ટમાં બંને વર્ગની ફાઈનલ આગામી 27 જૂને રમાશે.

. . . . . . . . . . . . . . . .

# JHARKHAND WEATHER

ઝારખંડના કેટલાક જિલ્લાઓમાં આજે અતિભારે વરસાદનું રેડ અલર્ટ જાહેર કરાયું છે. હવામાન વિભાગે જણાવ્યું કે, રાંચી, ખૂંટી, લોહરદગા, સિમડેગા, ગુમલા અને દક્ષિણ છોટાનાગપુર વિભાગના કેટલાક વિસ્તાર અસરગ્રસ્ત થવાની શક્યતા છે.

આપત્તિ વ્યવસ્થાપન વિભાગે વર્તમાન આગાહીને લઈ સાવચેત રહેવાની સલાહ આપી છે. રાંચી, સરાયકેલા-ખરસાવાં, ધનબાદ અને રામગઢ જિલ્લામાં એક દિવસ માટે શાળાઓ બંધ કરવામાં આવી છે. ખરકઈ અને સ્વર્ણરેખા નદીઓમાં જળસ્તર વધવાથી પૂર્વ સિંહભૂમ જિલ્લાના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને પણ ઘર ખાલી કરી દેવાની સલાહ અપાઈ છે.

. . . . . . . . . . . . . . .

# PM PUNE ACCIDENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના પુણેમાં જેજુરી-મોરગાવ માર્ગ પર થયેલા અકસ્માતમાં લોકોના મોત અંગે દુઃખ વ્યક્ત કર્યું. તેમણે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી દરેક મૃતકના પરિવારજનોને બે લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની રકમની સહાય કરવાની જાહેરાત કરી. શ્રી મોદીએ ઈજાગ્રસ્તો ઝડપથી સ્વસ્થ થાય તેવી પણ પ્રાર્થના કરી.

પુણે જિલ્લામાં ગઈકાલે એક માર્ગ અકસ્માતમાં આઠ લોકોના મોત થયા હતા. જ્યારે પાંચ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જેજુરી-મોરગામ માર્ગ પર પૂરઝડપે આવતી કારે રસ્તા પર ઊભેલા ટૅમ્પોને ટક્કર મારતા આ અકસ્માત સર્જાયો હતો.

. . . . . . . . . . .

# UN ISRAEL IRAN

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ ઍન્ટોનિયો ગુટેરેસે ઈઝરાયેલ-ઈરાન સંઘર્ષ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમજ તાત્કાલિક યુદ્ધ વિરામ માટે પોતાના આહ્વાનનો પુનરોચ્ચાર કર્યો. શ્રી ગુટેરેસે કહ્યું, કોઈ પણ વધારાના લશ્કરી હસ્તક્ષેપ સમગ્ર ક્ષેત્ર અને આંતર-રાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા પર નકારાત્મક અસર કરી શકે છે. તેમણે આ યુદ્ધમાં નાગરિક જાનહાનિની પણ ટિકા કરી અને રાજદ્વારી શ્રેષ્ઠ અને એકમાત્ર રસ્તો હોવા પર ભાર મૂક્યો.

. . . . . . . . . . . . . . . .